(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. ગરહિયં **દુગંછિયં સમ્મં તિવિહેણં પડિક્કંતો** વંદામિ

૨. અસણં **પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં** સહસાગારેણં

૩. પડિપુન્નં **નેઆઉયં સંસુદ્ધં સલ્લકત્તણં સિદ્ધિ મગ્ગં** મુત્તિ મગ્ગં

૪. ઝાણેહિં **અટ્ટેણં ઝાણેણં રુદ્દેણં ઝાણેણં ધમ્મેણં ઝાણેણં સુક્કેણં ઝાણેણં** પડિક્કમામિ

૫. સંભવ **મભિનંદણં ચ સુમઇ ચ પઉમપ્પહં સુપાસં** જિણં ચ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૪)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. નિસગ્ગ રુઈ | **શ્રદ્ધાની રુચિ** | ૨. પાયચ્છિત્ત | **પ્રાયશ્ચિતની** |
| ૩. પજ્જવસાણાણં | **પર્યંતના** | ૪. બીય ભોયણાએ | **બીજવાળું ભોજન લેવા વડે** |
| ૫. વિસાસિયં | **વિશ્વાસના ઠેકાણાવાળું** | ૬. મજ્જણ વિહિં | **નહાવાના પાણીની મર્યાદા** |
| ૭. સાહૂણં આસાયણાએ | **સાધુઓની આશાતનાથી** | ૮. ચેઈયં | **આપ જ્ઞાનવંત છો** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૪)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. જેનું પ્રતિક્રમણ કરું છું | **જં પડિક્કમામિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. દષ્ટિના વિપર્યાસથી | **દિટ્ઠિ વિપ્પરિયાસિયાએ** | **પહેલા શ્રમણસૂત્રમાં** |
| ૩. વિનય રહિત ભણાયું હોય | **વિણયહીણં** | **પ્રતિક્રમણના ચોથા પાઠમાં** |
| ૪. પરિષહો અને ઉપસર્ગો થાય તે | **પરિસ્સહોવસગ્ગા** | **સંથારામાં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. કરણસિત્તેરી કોને કહે છે? તેમાં કોનો સમાવેશ થાય છે?

**જ. સંયમ જીવનના ઉત્તરગુણને કરણસિત્તેરી કહે છે. ૪ પિંડ વિશુદ્ધિ, ૪ અભિગ્રહ, ૫ સમિતિ–૩ ગુપ્તિનું પાલન, ૧૨ ભાવના, ૧૨ સાધુની પડિમા આદરવી, ૨૫ પ્રતિલેખનામાં ઉપયોગ, ૫ ઈન્દ્રિયોનો નિગ્રહ.**

૨. જગતમાં સૌથી વિશિષ્ટ કોણ છે? તેમણે કયા શત્રુને હણ્યા છે? તેમના ૧૨ ગુણોમાંથી ખામણામાં કયા ગુણ બતાવ્યા છે?

**જ. જગતમાં સૌથી વિશિષ્ટ અરિહંત છે. રાગ–દ્વેષરૂપ આત્માના શત્રુને હણ્યા છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત બળવીર્ય, ક્ષાયક સમકિત, ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણ, ૧૦૦૮ ઉત્તમ લક્ષણ, ૬૪ ઈન્દ્રના પૂજનીય.**

૩. કેવળીનો સમાવેશ ચતુર્વિધ સંઘ અને નમસ્કાર સૂત્રના કયા પદમાં થાય છે? તેઓ પાપ ભોગવે છે કે નહિ? શા માટે? તેઓ હાલમાં ક્યા છે?

**જ. કેવળીનો સમાવેશ ચતુર્વિધ સંઘના પહેલા પદમાં – સાધુ અને નમસ્કાર સૂત્રમાં પાંચમા પદમાં હોય છે. તેઓ પાપ ભોગવે છે કારણ કે પૂર્વભવના ભોગવવાના બાકી હોય તો ભોગવે છે, મહાવિદેહ ક્ષેત્રમાં.**

૪. રાઈય પ્રતિક્રમણમાં શેના પચ્ચક્ખાણ કરવામાં આવે છે? રાઈય પ્રતિક્રમણ કેટલા? નવકારશી એટલે શું?

**જ. રાઈય પ્રતિક્રમણમાં મુખ્યતાએ નવકારશી, પોરસી વગેરે ચૌવિહારના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. રાઈય પ્રતિક્રમણ ૩૬૦ છે. સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનિટ) સુધી ચારે આહારનો ત્યાગ કરવો.**

૫. સિદ્ધોની સંખ્યા કેટલી છે? તેમના ગુણ કેટલા છે? ચાર ઘાતી કર્મ ખપાવવાથી કયા ચાર ગુણ પ્રાપ્ત થાય છે?

**જ. અનંતી, સિદ્ધના ગુણ ૮ છે. જ્ઞાનાવરણીય ખપાવવાથી કેવળજ્ઞાન, દર્શનાવરણીય ખપાવવાથી કેવળદર્શન, મોહનીય ખપાવવાથી ક્ષાયક સમકિત/વીતરાગતા, અંતરાય ખપાવવાથી અનંત શક્તિ ગુણ પ્રાપ્ત થાય છે.**

૬. સંમૂર્છિમ મનુષ્યને પર્યાપ્તિ કેટલી હોય? આપણે તેમને જોઈ શકીએ?

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્યને પ્રથમ પાંચ પર્યાપ્તિ બાંધવાની શરૂઆત એકસાથે કરે છે, પરંતુ ચોથી શ્વાસોચ્છ્વાસ નામની પર્યાપ્તિ બાંધવાનું પૂર્ણ કરે તે પહેલા અપર્યાપ્ત અવસ્થામાં મૃત્યુ પામે છે. આથી તે શરીરના જીવ એટલા બધા નાના હોય છે કે આપણે એમને આંખથી જોઈ શક્તા નથી.**

**(૫૦)**

**પ્ર.૨ (અ) દંડકના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. અવગાહના – **જીવનું શરીર જેટલા આકાશ પ્રદેશને અવગાહે (રોકે) તેને અવગાહના કહે છે.**

૨. ઓજ આહાર – **જીવ જ્યારે યોનિમાં ઉત્પન્ન થાય છે ત્યારે પ્રથમ સમયે લેવાતા પુદ્ગલોનો આહાર.**

૩. શ્રુત જ્ઞાન – **શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શબ્દ દ્વારા અર્થનું યથાર્થ જ્ઞાન થાય અથવા સૂત્ર જ્ઞાન થાય તે.**

૪. મન પર્યાપ્તિ – **મનના પુદ્ગલ લેવા અને મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય તે.**

૫. ઈન્દ્રિય – **જે સાધન રૂપી પદાર્થોને આંશિક રીતે જાણવામાં મદદરૂપ થાય તે. જીવ જેના દ્વારા વિષયને ગ્રહણ કરે તે.**

**(૨) માત્ર સંખ્યા લખો. (૪)**

૧. નારકીમાં દર્શન – **૩**   ૨. સંજ્ઞીના દંડક – **૧૬**   ૩. સિદ્ધમાં આગતિ – **૧**   ૪. તેજોલેશ્યાના દંડક – **૧૮**

૫. ૫૬ અંતરદ્વીપમાં ઉપયોગ – **૪**   ૬. મહાવિદેહના મનુષ્યની ઉ. અવગાહના – **૫૦૦ ધનુષ**

૭. વાઉકાયની ઉ. સ્થિતિ – **૩૦૦૦ વર્ષ**   ૮. આઠમા ગ્રૈવેયકના દેવની જ. સ્થિતિ – **૨૯ સાગર**

**(૩) મને ઓળખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. મારી ગતિ ૧૩ દંડકની છે. | **૩૦ અકર્મભૂમિ** |
| ૨. મારી અવગાહના ૧૦૦૦ યો. ઝાઝેરી છે. | **વનસ્પતિકાય** |
| ૩. મારા દંડકમાં એક લેશ્યા છે. | **જ્યોતિષી** |
| ૪. ચોમાસી પાખીથી સંવત્સરી આવે તેટલી મારી ઉ. સ્થિતિ છે. | **તેઈન્દ્રિય** |
| ૫. મારા ઉત્તર વૈક્રિયમાં હુંડ સંસ્થાન છે. | **નારકી** |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ૨૪ દંડકનો અધિકાર કયા સૂત્રમાં છે? દંડકની પહેલી ગાથા લખો.

**જ. શ્રી જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ ૧ મધ્યે છે. સરીરો ગાહણં સંઘયણ સંઠાણ, કસાય તહહુંતિ સન્નાઓ ।**
**લેસિં દિય સમુગ્ઘાએ, સન્નિ વેદે ય પજ્જત્તિ ॥**

૨. વાલુપ્રભાનો સંસ્થાન દ્વાર, દષ્ટિ દ્વાર, યોગ દ્વાર અને ચવણ દ્વાર લખો.

**જ. સંસ્થાન એક હુંડ ઉત્તર વૈક્રિય કરે તેમાં એક હુંડ સંસ્થાન. દષ્ટિ ત્રણ સમકિત, મિથ્યાત્વ, મિશ્ર. યોગ ૧૧ ૪ મનના, ૪ વચનના, ૨ વૈક્રિયના, ૧ કાર્મણ. ચવણ એક સમયમાં જઘન્ય ૧–૨–૩ યાવત્ સંખ્યાતા ઉત્કૃષ્ટ અસંખ્યાતા ચવે.**

૩. તેઉકાયનો આહાર દ્વાર અને બેઈન્દ્રિયનો આગતિ–ગતિ દ્વાર લખો.

**જ. તેઉકાયનો આહાર દ્વાર – અલોકનો વ્યાઘાત પડે તો ૩–૪–૫ દિશાનો આહાર કરે અને વ્યાઘાત ન પડે તો છ દિશાનો આહાર લે. ઓજ, રોમ તે સચેત, અચેત, મિશ્ર.**
**બેઈન્દ્રિયનો આગતિ–ગતિ દ્વાર – બે ગતિનો આવે અને બે ગતિમાં જાય તે મનુષ્ય અને તિર્યંચ. દશ દંડકનો આવે અને દશ દંડકમાં જાય તે ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય.**

૪. ચક્ષુ દર્શન, સમકિત દષ્ટિ, અણિન્દ્રિય, વિભંગ જ્ઞાનમાં કયા કયા દંડક હોય?

**જ. ચક્ષુ દર્શનમાં ૧૭ દંડક તે ૧૩ દેવતા, ૧ નારકી, ૧ ચૌરેન્દ્રિ, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય.**
**સમકિત દષ્ટિમાં ૧૯ તે ૫ સ્થાવરના ૫ વર્જીને ૧૯. અણિન્દ્રિયમાં ૧ તે મનુષ્યનો.**

**વિભંગ જ્ઞાનમાં ૧૬ તે ૫ સ્થાવર અને ૩ વિકલેન્દ્રિય તે ૮ વર્જીને.**

૫. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના લખો.

**જ. ઉત્કૃષ્ટ અવગાહના – જળચર – ૧૦૦૦ યોજનની, સ્થળચર – પૃથક્ ગાઉની, ઉરપર – પૃથક્ યોજનની, ભૂજપર – પૃથક્ ધનુષની, ખેચર – પૃથક્ ધનુષની.**

૬. દેવતાને સમુદ્ઘાત, વેદ, સંઘયણ અને લેશ્યા કઈ કઈ?

**જ. દેવતાને સમુદ્ઘાત વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય, તેજસ. વેદ સ્ત્રીવેદ અને પુરુષવેદ. સંઘયણ ન હોય. લેશ્યા છ યે છ.**

૭. ગર્ભજ મનુષ્યમાં કેટલા ઉપજે? સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉપયોગ કેટલા? કયા કયા? ચૌરેન્દ્રિયમાં પર્યાપ્તિ કઈ?

**જ. ગર્ભજ મનુષ્યમાં એક સમયમાં જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉપજે.**
**સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉપયોગ ૪ તે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન.**
**ચૌરેન્દ્રિયમાં પર્યાપ્તિ તે આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા.**

૮. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના મરણ લખો. અપ્કાયમાં કેટલા અને કયા દંડકનો આવે? શરીર કયા? પૃથ્વીકાય સંજ્ઞી કે અસંજ્ઞી?

**જ. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરણ સમોહિયા મરણ અને અસમોહિયા મરણ.**
**અપ્કાયમાં ૨૩ દંડકનો આવે તે નારકી વર્જીને. તેમાં શરીર ત્રણ તે ઔદારિક, તેજસ, કાર્મણ, અસંજ્ઞી.**

**(આ) કાળનું માપ અને અવગાહનાની સમજણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અયન કેટલા અને કયા કયા છે? એક અયન એટલે કેટલો સમય?

**જ. અયન બે છે. ઉત્તરાયન અને દક્ષિણાયન. એક અયન એટલે છ મહિના.**

૨. સમય કોને કહે છે? તે બીજા કયા નામે ઓળખાય છે?

**જ. કાળના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગને સમય કહે છે. નિશ્ચય કાળ તરીકે ઓળખાય છે.**

૩. ચાર ગતિના જીવોની અવગાહના શેનાથી મપાય છે? તે માપની ગણતરી કયા કાળમાં કેવી રીતે થાય છે?

**જ. ઉત્સેધ આંગુલથી. અવસર્પિણીના પાંચમા આરાના ૧૦૫૦૦ વર્ષ પસાર થાય ત્યારના સપ્રમાણ મનુષ્યના આંગુલથી મપાય છે.**

૪. એક ધનુષ્યના આંગુલ, વેંત કેટલા અને ૪ કોશનું માપ કેટલું થાય?

**જ. એક ધનુષ્યના આંગુલ ૯૬, વેંત ૮, અને ૪ કોશ = ૧ યોજન, ૧૯ કળા.**

૫. આત્મ આંગુલથી મનુષ્ય શેની રચના કરે છે?

**જ. દરેક કાળમાં મનુષ્ય પોતાની અવગાહના પ્રમાણે ઘર, નગર આદિની રચના કરે છે.**

**(ઈ) ૩૨ અસજ્ઝાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. નિર્ઘાત એટલે શું? તેની અસજ્ઝાય કેટલા સમયની? સ્વાધ્યાય કાળ ક્યારે સમજવાનો?

**જ. નિર્ઘાત એટલે વાદળાં સહિત કે વાદળાં રહિત આકાશમાં વ્યંતર વડે કરાયેલ મહાધ્વનિ, મોટો કડાકો. તેની અસજ્ઝાય ૮ પ્રહરની છે. આદ્રા નક્ષત્રથી સ્વાતિ નક્ષત્ર સુધી સૂર્યનો યોગ હોય ત્યારે સ્વાધ્યાય કાળ સમજવો.**

૨. ...... અને ...... ના ...... ની અસજ્ઝાયને સંધ્યા કહે છે. તેની અસજ્ઝાય ...... ની છે.

**જ. સાંજ, રાત્રિના, સંધિકાળ, ૧ મુહૂર્ત.**

૩. યક્ષાદીપ્ત, રાજવ્યુદ્ગ્રહ, કારતક વદ એકમ અને સૂર્યોપરાગની અસજ્ઝાય કેટલા સમય સુધી હોય છે?

**જ. યક્ષાદીપ્ત – જ્યાં સુધી દેખાય ત્યાં સુધી, રાજવ્યુદ્ગ્રહ – યુદ્ધ ચાલે ત્યાં સુધી, કારતક વદ એકમ – ૨૪ કલાક, સૂર્યોપરાગ – ખંડગ્રહણમાં ૧૨ પ્રહરની, પૂર્ણ ગ્રહણમાં ૧૬ પ્રહરની.**

૪. ૩૨ અસજ્ઝાય કયા સૂત્રનો અધિકાર છે? તેનો સમાવેશ શેમાં થાય છે? તે કયું સૂત્ર છે?

**જ. ૩૨ અસજ્ઝાય ઠાણાંગ સૂત્ર ૪ અને ૧૦, તેનો સમાવેશ કાલિક સૂત્રમાં થાય છે. તે અંગ સૂત્ર છે.**
**નિશીથ સૂત્ર ઉદ્દેશક ૧૯, તેનો સમાવેશ કાલિક સૂત્રમાં થાય છે. તે છેદ સૂત્ર છે.**

૫. ૧૨ વર્ષની અને ૩ દિવસની અસજ્ઝાય કોને લાગુ પડે છે? ઉપાશ્રયની અંદર ક્યાં સુધી અસજ્ઝાય હોય?

**જ. હાડકું બળી કે નદીના આદિના પાણીમાં તણાઈ કે ધોવાઈ ગયું હોય તો ૧૨ વર્ષ સુધી, સ્ત્રીના ઋતુ સંબંધી ૩ દિવસ, ઉપાશ્રયની અંદર પંચેન્દ્રિયનું અખંડ કલેવર કે શરીરના ટુકડા પડ્યા હોય ત્યાં સુધીની.**

**(ઈ) મોક્ષમાર્ગની આરાધનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. મોક્ષમાર્ગની આરાધના કરવા શેની આરાધના કરવી જોઈએ?

**જ. અહિંસા, સંયમ અને તપની આરાધના કરવી જોઈએ.**

૨. કાયકલેશ તપ કરવા શું કરવું જોઈએ?

**જ. એક સ્થાને સ્થિર રહેવું, ઠંડી-ગરમીની આતાપના લેવી, વિભૂષા કરવી નહિ.**

૩. આત્માના ગુણોનું પોષણ કરવા કયા વ્રતો આદરવા જોઈએ?

**જ. સંવર, સામાયિક, પૌષધ, સંવર પૌષધ, રાત્રિ પૌષધ, ગોચરી દયા વગેરે શિક્ષા વ્રતો આદરવા જોઈએ.**

૪. ધર્મનું જ્ઞાન કેવી રીતે વધારવું જોઈએ?

**જ. જિજ્ઞાસા અને શંકાનું સમાધાન કરવા પૂ. સાધુ-સાધ્વીજીને પ્રશ્નો-પ્રતિપ્રશ્નો પૂછીને ધર્મનું જ્ઞાન વધારશું.**

૫. દર્શન ગુણ પ્રાપ્ત કરવા શેનો ત્યાગ કરશું? શું આદરવા પ્રયત્ન કરશું?

**જ. ૨૫ પ્રકારના મિથ્યાત્વના સ્વરૂપને જાણીને તેનો ત્યાગ કરશું. વ્યવહાર સમકિતના ૬૭ બોલ જાણી તેને આદરવા પ્રયત્ન કરશું.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શુલપાણી યક્ષે પ્રભુ મહાવીરને શું ઉપસર્ગો આપ્યા?

**જ. શુલપાણી યક્ષના મંદિરમાં રાત્રે કાઉસ્સગ્ગમાં પ્રભુ સ્થિર હતા, ત્યાં આવીને યક્ષે હાથી અને પિશાચના રૂપમાં ભયંકર રૂપો ધારણ કર્યાં. યક્ષે પ્રભુના મસ્તક, નાક, આંખ, દાંત, હોઠ વગેરેમાં તીવ્ર વેદનાઓ ઉપજાવી.**

૨. પ્રભુ કયા કયા ભવમાં બ્રાહ્મણરૂપે ઉત્પન્ન થયા? પંદરમા ભવમાં ક્યા ઉત્પન્ન થયા?

**જ. પ્રભુ પાંચમા, સાતમા, નવમા, અગિયારમા અને તેરમા ભવમાં એમ પાંચ ભવમાં બ્રાહ્મણપણે ઉત્પન્ન થયા અને તે દરેક ભવમાં ત્રિદંડી વેષધારી સાધુ બન્યા. પંદરમા ભવમાં વિશ્વભૂતિપણે ઉત્પન્ન થયા.**

૩. ભગવાને કયા ભવમાં કુળમદ કરી કર્મ બાંધ્યા? તેણે કેવો કુળમદ કર્યો?

**જ. ભગવાને મરીચિના ભવમાં કુળમદ કરી કર્મ બાંધ્યા. વર્તમાન અવસર્પિણી કાળમાં મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી, એમનો પુત્ર હું પ્રથમ વાસુદેવ, મહાવિદેહનો ચક્રવર્તી અને ભરતનો અંતિમ તીર્થંકર એમ ત્રણ પદવી મળશે. મારા જેવી ઉચ્ચતા સંસારમાં નથી માટે હવે હું કોની પરવા કરું?**

૪. ભગવાન મહાવીરના અવધિજ્ઞાનીઓ, પૂર્વધર, કેવળી, અનુત્તર વિમાને જવાવાળા, મન:પર્યવજ્ઞાની અને તીર્થંકર નામ ગોત્ર કેટલા જણે બાંધ્યું?

**જ. ૧૩૦૦ અવધિજ્ઞાનીઓ, ૩૦૦ ૧૪ પૂર્વધર સાધુઓ, ૭૦૦ કેવળી, ૭૦૦ અનુત્તર વિમાને જવાવાળા, ૫૦૦ મન:પર્યવજ્ઞાની અને ૯ જીવોએ તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું.**

૫. ભગવાનના વંશ, જાતિ, કુળ, ગોત્ર, વર્ણ, ઊંચાઈ કેટલી હતી?

**જ. ભગવાનના વંશ જ્ઞાત, જાતિ ક્ષત્રિય, કુળ ઈક્ષ્વાકુ, ગોત્ર કાશ્યપ, વર્ણ સુવર્ણ, ઊંચાઈ ૭ હાથની હતી.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. વક્તું ... ભુજાભ્યામ્ **પાના નં. ૨૪૫ ગાથા ૪** ૨. ઉદ્‌ભૂત .... તુલ્યરૂપા:. **પાના નં. ૨૫૧ ગાથા ૪૫**

૩. કુન્દાવદાત્ .... કૌમ્ભમ્. **પાના નં. ૨૪૯ ગાથા ૩૦** ૪. નાસ્તં ... લોકે **પાના નં. ૨૪૭ ગાથા ૧૭**

**જય જિનેન્દ્ર**